દાખલ તારીખ :–૧૨/૧૦/૨૦૨૨.
નોંઘ્યા તારીખ :–૧૨/૧૦/૨૦૨૨.
ફેંસલ તારીખ :–૧૫/૧૦/૨૦૨૨.

## મોરબી જીલ્લાના સેસન્સ જજ સાહેબની કોર્ટમાં,મુ.મોરબી.

**ફોજદારી પરચુરણ અરજી નં.૮૯૪/૨૦૨૨.**
**આંકઃ–૦૫.**

**અરજદાર :–** **મનસુખભાઈ ધનજીભાઈ પરમાર,**
ઉ.વ.૪૪, ધર્મે–હિન્દુ, ધંધો–મજુરી,
રહે.રવાપર ગામની બાજુમાં બોની પાર્ક, રાજા પાણી વાળાની
શેરી, તેજાણીની વાડી,તા.જી.મોરબી.હાલે સબજેલ,મોરબી.
**વિ રુ ઘ્ધ**

**સામાવાળાઃ** **ધી સ્ટેટ ઓફ ગુજરાત,**

બાબતઃ– મોરબી સીટી " એ " ડીવીઝન પોલીસ સ્ટેશન એ–પાર્ટ ગુ. ર. નં. ૧૧૧૮૯૦૦૩૨૨૦૯૨૭/૨૦૨૨, (ફો.કે.નં.૫૯૭૬/૨૦૨૨) ભારતીય દંડ સહીતા ની કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) મુજબના ગુન્હા કામે સી. આર. પી. સી. ની કલમ– ૪૩૯ હેઠળ ચાર્જશીટ બાદની પ્રથમ વખતની રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી.

---

**અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી એ.વી.ડાભી.**
**સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન પી.પી. શ્રી વી.સી.જાની.**

---

## –:: ચુ કા દો ::–

**(૧)** અરજદાર/આરોપીનાઓએ તેઓ સામે નોંધાયેલ મોરબી સીટી " એ " ડીવીઝન પોલીસ સ્ટેશન એ–પાર્ટ ગુ. ર. નં.૧૧૧૮૯૦૦૩૨૨૦૯૨૭/૨૦૨૨, ભારતીય દંડ સહીતા ની કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) મુજબના ગુન્હા ના કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ– ૪૩૯ હેઠળ જામીન ઉપર મુકત થવા ચાર્જશીટ બાદની પ્રથમ વખતની આ રેગ્યુલર જામીન અરજી કરેલ છે.

**(૨)** ગુન્હાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીને આરોપી નં.૧ નાએ વજેપર ગામની સીમમાં સર્વે નંબર ૧૦૨૩/પૈકી–૧/પૈકી–૨ માં ભાગીદારી કરાર કરવાનું હોવાની હકીકત જણાવી આરોપી વિનુભાઈ તળશીભાઈ અધારાએ ખોટા આધારકાર્ડ બનાવી ફરીયાદીને ખોટા ખાતેદાર તરીકે રહેલ આરોપી નયનાબેન વા/ઓ પ્રવીણભાઈ ચાવડાએ પોતાનું નામ જયાબેન વશરામભાઈ ડાભી હોવાનું ખોટું નામ ધારણ કરી તથા



*Sessions Judge*
*Morbi.*

ખોટા સાક્ષી તરીકે રહેલ આરોપી અલ્પેશભાઈ ભગવાનજીભાઈ નકુમનાએ પોતાનું નામ ભરત વશરામભાઈ ડાભી ધારણ કરી તથા સાક્ષી મનસુખભાઈ ધનજીભાઈ પરમાર એમ બધા વ્યકિતઓએ પુર્વયોજિત કાવત્રુ રચી, આરોપી નં.૨, ૩ ના નામના ખોટા આધાર કાર્ડ બનાવડાવી ભાગીદારી કરારમાં તે ખોટા આધારકાર્ડનો ખરા તરીકે ઉપયોગ કરી આરોપી નં.૨ ખાતેદાર તરીકે દર્શાવી ખોટી ભાગીદારી કરી ફરીયાદીને જમીનમાં ભાગીદારી કરાર કરી, વચન, વિશ્વાસ આપી, ફરીયાદી પાસેથી રુપીયા પાત્રીસ લાખ લઈ, ઉપરોકત તમામ આરોપીઓએ આ રકમ ઓળવી જઈ ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેંતરપીડી કરી, તે અંગેના ગુન્હા કરેલાનો આક્ષેપ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એ.વી.ડાભીનાઓએ દલીલ કરી જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપીની સામે ઉપરોકત ફરીયાદ નોંધાતા અરજદારની સદર ગુન્હાકામે ઘરપકડ કરવામાં આવેલ ત્યારથી અરજદાર જયુડીશીયલ કસ્ટડીમાં છે. ત્યારબાદ અરજદાર સામેના ગુન્હાનું ચાર્જશીટ ના.કોર્ટમાં રજુ થઈ જતાં અરજદારની તપાસના કામે જરૂરત ન હોય અરજદાર ધ્વારા હાલની ચાર્જશીટ બાદની પ્રથમ વખતની રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટેની અરજી કરવામાં આવેલ છે. આ કામના અરજદારે કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી કે તેઓ કહેવાતા ગુન્હા અંગે કશુ જાણતા નથી. આ કામના અરજદારે ફરીયાદી સાથે કોઈ મીટીગ કરેલ નથી કે કરાવેલ નથી. અરજદારે ફરીયાદી પાસેથી કોઈ રકમ લીધેલ નથી. અરજદાર ખોટા આધારકાર્ડ કે ચુટણીકાર્ડ બનાવવા ગયા નથી. તેમ છતાં તેઓને સદર ગુન્હામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. આ ગુન્હાના અન્ય આરોપી મુકેશભાઈ નારણભાઈને નામદાર ગુજરાત હાઈકોર્ટે ફો.પ.અ.નં.૧૭૭૦૪/૨૦૨૨ ના કામે તેમજ અન્ય આરોપી દયારામભાઈ પુંજાભાઈને ફો.પ.અ.નં.૧૭૧૨૬/૨૦૨૨ ના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલા છે જેથી હાલના અરજદાર/આરોપીને પેરીટીના ગ્રાઉન્ડ હેઠળ જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે. અરજદાર/આરોપી નાએ અગાઉ કોઈ ગુન્હા કરેલ નથી તેઓ મોરબીના રહેવાસી છે. તેથી તેઓ કયાંય નાશી ભાગી જાય તેમ નથી. આ કામની ટ્રાયલ ચાલતા દરમ્યાન તેઓ નિયમીત રીતે મુદત હરોળ માં નામદાર કોર્ટમાં હાજર રહેશે. તેમજ ફરીયાદપક્ષ ના સાહેદોને કોઈપણ પ્રકાર ની લાલચ, ધાક, ધમકી કે પ્રલોભન આપી તેઓને તોડવા ફોડવા કોઈ પ્રયાસ કરશે નહી. જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા માંગણી કરેલ છે.

(૪) સરકારશ્રી તરફે વિધ્વાન પી.પી.શ્રી વી.સી.જાનીનાઓએ દલીલ કરી જણાવેલ છે કે, તપાસ કરનાર અમલદારનાઓએ આંક–૦૪ થી એફીડેવીટ રજુ કરી ગુન્હાની હકીકત તથા અરજદાર/આરોપીને જામીન ઉપર નહી છોડવા બાબતની વિગતો જણાવેલ છે. તેમજ તેઓએ દલીલ કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી મનસુખભાઈ ધનજીભાઈ પરમારનાએ વજેપર ગામની સીમમાં સર્વે નંબર ૧૦૨૩/પૈકી–૧/પૈકી–૨ ની જમીનનું ભાગીદારી કરાર ફરીયાદીને કરેલ ત્યારે સાક્ષી તરીકે ખોટા ભાગીદારી કરારમાં સહી કરી આપી તેની અવેજમાં રુા.૫૦,૦૦૦/– સહ–આરોપીઓ પાસેથી મેળવી ફરીયાદીને ખોટુ ભાગીદારી કરાર કરી, ફરીયાદીને વચન વિશ્વાસ આપી, ફરીયાદી પાસેથી રુા.પાત્રીસ લાખ મેળવેલ જે તમામ આરોપીઓએ આ રકમ ઓળવી જઈ ફરીયાદી સાથે વિશ્વાસધાત અને છેતરપીંડી કરી ગુન્હાને અંજામ આપવા ગુન્હામાં મુખ્ય ભુમિકા ભજવી ગુન્હો આચરેલ છે. તે જોતાં અરજદારે ભાગીદારી ડીડમાં સાક્ષી તરીકે સહી કરેલ છે. તેમજ અરજદારને આ કામે રુા.૫૦,૦૦૦/–મળેલ છે તે પૈકી રુા.૨૦,૦૦૦/– તેમના ઘરેથી તપાસના કામે કબ્જે કરવામાં આવેલ છે. નામદાર હાઈકોર્ટે જામીન પર મુકત કરેલ આરોપીઓ બેનીફીશયરી ન હતાં જેથી જામીન ઉપર મુકત કરેલ છે હાલના અરજદારનો રોલ ધ્યાને લેતાં પેરેટી લાગુ પડે નહી. આ કામે ચાર્જશીટ રજુ થઈ ગયેલ છે જેથી અરજદાર/આરોપી ને જામીન મુકત કરવામાં આવશે તો આ કામના ફરીયાદી, સાહેદો ને ધાક–ધમકી આપી પુરાવા સાથે ચેડા કરે– કરાવે તેવી શકયતાઓ છે તેમજ તેઓ નાસી–ભાગી જાય તેવી શકયતાં હોય તેમજ ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે નહી તેમજ ફરીથી આવા ગંભીર પ્રકારના ગુન્હા આચરે તેવી શકયતાં છે. જેથી આ જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૫) અરજદારની જામીન અરજી તથા તે સાથે રજુ કરેલ દસ્તાવેજો વંચાણે લીધા. તપાસ કરનાર અમલદારે રજુ કરેલ આંક–૦૪ ની એફીડેવીટ તથા પોલીસ પેપર્સ વંચાણે લીધાં. આરોપીના વિ.વ.શ્રી તથા વિ.પી.પી.શ્રીની દલીલો સાંભળી.

(૬) અરજદાર/આરોપીનાઓએ ખોટા ભાગીદારી કરારમાં સાક્ષી તરીકે સહી કરેલી હતી અને તે રીતે ભાગીદારી કરાર કરી આપનાર નયનાબેનને તેઓ જયાબેન વશરામભાઈ ડાભી હોવાનું જણાવી ખોટી સહી સાક્ષી તરીકે કરી આપેલ છે. અને તે રીતે ખોટા ભાગીદારી કરારને સાચો માનવા ફરીયાદીને પ્રેરેલ છે. અને તે કામ બદલ તેઓને રુા.૫૦,૦૦૦/– મળ્યા છે તે પૈકી રુા.૨૦,૦૦૦/– તેના ઘરેથી તપાસના કામે કબ્જે કરવામાં આવેલ છે.



*Sessions Judge*
*Morbi.*

**(૭)** અરજદાર પક્ષની રજુઆત મુજબ, આ ગુન્હાના અન્ય આરોપી મુકેશભાઈ નારણભાઈને નામદાર ગુજરાત હાઈકોર્ટે ફો.પ.અ.નં.૧૭૭૦૪/૨૦૨૨ ના કામે તેમજ અન્ય આરોપી દયારામભાઈ પુંજાભાઈને ફો.પ.અ.નં.૧૭૧૨૬/૨૦૨૨ ના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલા છે જેથી જામીન ઉપર મુકત થયેલ આરોપીઓનો રોલ તેમજ હાલના અરજદાર/આરોપીનો રોલ સમાન પ્રકારનો છે. અરજદાર/આરોપીને પેરીટીના ગ્રાઉન્ડ હેઠળ જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે. જે બન્ને આરોપીઓનો રોલ જોતાં તેઓએ ખોટુ ચુટણી કાર્ડ અને ખોટા આધાર કાર્ડ બનાવવાની કામગીરીમાં ભાગ ભજવેલ છે અને તેઓએ ખોટા ભાગીદારી કરારમાં સહીઓ નહી કરી હોવાનું જણાયુ છે. જેથી તે બન્ને જામીન ઉપર મુકત થનાર આરોપીઓનો રોલ અરજદાર/આરોપીના રોલ કરતાં અલગ છે. જેથી હાલના અરજદાર/આરોપી પેરીટીના ગ્રાઉન્ડ હેઠળ જામીન ઉપર મુકત થવા હકકદાર નથી.

**(૮)** ઉપરોકત ચર્ચા મુજબ ગુન્હાની હકીકતો તેમજ આ કામના અરજદાર/આરોપીનો ગુન્હામાં રોલ ધ્યાને લેતાં અરજદાર/આરોપી જામીન ઉપર મુકત થવા હકકદાર ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરું છું.

**—:હુકમ:—**

અરજદારની આ ચાર્જશીટ બાદની પ્રથમ વખતની રેગ્યુલર જામીન અરજી આથી " ના મંજુર " કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખઃ—૧૫ મી માહેઃ—ઓકટોબર, સને—૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**( પિનાકીન ચંદ્રકાંત જોષી)**
**સેશન્સ જજ, મોરબી.**
**UID NO.GJ00334**

**// J.J.S //**